# પોશીના પંથકમાં વાવાઝોડુ ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી : ઈડરના કડિયાદરામાં કરા પડ્યા

## દેલવાડા અને આસપાસના વિસ્તારોમાં વરસાદના છાંટા પડ્યા : વડાલી અને ઈડર પંથકમાં જોરદાર પવન ફૂંકાયો

હિંમતનગર, તા. ૧૪ ઉત્તર ભારતમાં હવામાનમાં આવેલા પલટાને કારણે દિલ્હી સહીત અન્ય વિસ્તારોમાં જોરદાર જોરદાર ગરમી દરમિયાન અચાનક વાતાવરણમાં પલટો આવતા ગરમીનો પારો ગગડી ગયો હતો અને જોતજોતામાં ૪૦ કિ.મી. થી અન્ય સ્થળે સોમવારે ગરમીનો પારો ૩૮ થી ૪૦ ડીગ્રી રહેવા પામ્યો હતો. તેમ છતાં આગામી ત્રણેક દિવસમાં ગરમીમાં વધારો



વાવાઝોડા સાથે વરસાદ પડતા જનજીવન પર તેની અસરો વર્તાઈ રહી છે. ત્યારે સોમવારે બપોર બાદ સાબરકાંઠા જિલ્લાના પોશીના પંથકમાં વાવાઝોડુ ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી. આ વાવાઝોડાના કારણે ૫૦ થી વધુ કાચા મકાન અને તંબુના છતને નુકશાન થવા પામ્યુ હતુ. ઉપરાંત સાંજના સુમારે વડાલી અને ઈડર તાલુકામાં વાવાઝોડુ ફૂંકાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તેમજ ઈડર તાલુકાના કડિયાદરા અને આસપાસના વિસ્તારોમાં વરસાદના કરા પડતા વાતાવરણ ઠંડુગાર બની ગયુ હતુ.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પોશીના પંથકમાં બપોરે પડી રહેલી વધુની ઝડપે પવન ફૂંકાતા તે વાવાઝોડામાં પરિણમ્યુ હતુ. પોશીના તાલુકાના લાંબડીયા, દેલવાડા, કોટડા, ગઢી સહિતના વિસ્તારોમાં બપોરે ૪ વાગ્યાની આસપાસ ફૂંકાયેલા વાવાઝોડાને કારણે આખા મલકમાં ધૂળની ડમરીઓ ઉડતા રહીશો ઘરોમાં ભરાઈ ગયા હતા.

ત્યારબાદ મળતી માહિતી મુજબ દેલવાડા અને આસપાસના વિસ્તારોમાં વરસાદના છાંટા પડતા વાતાવરણમાં ઘડીક ઠંડક પ્રસર્યા બાદ ઉકળાટનું પ્રમાણ વધી જવા પામ્યુ હતુ. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પોશીના પંથકમાં વાવાઝોડાને કારણે ૫૦ થી વધુ કાચા મકાનો અને તંબુના છતને નુકશાન થયુ હોવાનું જણાવાયુ છે. જો કે હિંમતનગર સહિત જિલ્લામાં થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા દર્શાવાઈ રહી છે.

બીજી તરફ સોમવારે સાંજના સુમારે પોશીના પંથક બાદ વડાલી અને ઈડર તાલુકામાં વાવાઝોડુ ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડવા પામી હતી જેના કારણે વડાલી અને ઈડર સહિતના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં થોડોક સમય ચહલપહલ મચી જવા પામી હતી. અચાનક ફૂંકાયેલા વાવાઝોડાને કારણે ઈડર તાલુકાના કડિયાદરા અને આસપાસના વિસ્તારોમાં વરસાદના કરા પડતા નવી પેઢીમાં કૌતુક ફેલાયુ હતુ. જો કે જાણકાર ખેડૂતોનું કહેવુ છે કે મે માસમાં વાવાઝોડા સાથે જો કરા પડે તો આગામી ચોમાસુ ખેડૂતો માટે લાભદાયી નિવડે છે.

## કાળો કેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીમાં જ ૨૫૦થી વધુ જગ્યા પર વૃક્ષો ધરાશાયી થયા ૭૫ વીજળીના થાંભલા પડી ગયા. અને ૬૦ સ્થળો પર દિવાલ-છત કે પ્લાસ્ટીકનો શેડ ધરાશાયી થયા. રાજધાની દિલ્હીમાં બે અલગ અલગ ઘટનાઓમાં બે વ્યક્તિના મોત થયાં. જ્યારે ૨ લોકો ઘાયલ થયા.

દિલ્હી ઉપરાંત ઉત્તર પ્રદેશમાં પણ ગત સાંજે ભારે પવન સાથે ફંકાયેલો વરસાદ મોતની આંધી લઈને આવ્યો હતો. ઉત્તર પ્રદેશમાં આંધીના કારણે સૌથી વધુ ૪૩ લોકોના મોત થયા જ્યારે ૫૦ લોકો ઘાયલ થયા. તો હરિયાણામાં ગુરૂગ્રામ સહિત અનેક શહેરોમાં ધૂળની ડમરીઓ ફૂંકાયા બાદ ભારે પવન સાથે વરસાદ તૂટી પડ્યો. હરિયાણાના ગુરુગ્રામ, ફરીદાબાદ, રોહતકમાં રેતીના તોફાનને કારણે અંધકાર છવાઈ ગયો હતો. અચાનક હવામાનમાં ફેરફારથી તાપમાનના પારો નીચે ઊતર્યો. જે બાદ ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. હરિયાણાના ઈજ્જરમાં એક વ્યક્તિનુ મોત થયુ છે.

## ગણતરીમાં....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય છે. જેની સરખામણીએ ગાંધીનગર જિલ્લા વૈદ્યાનિક નગર, ૮ જનગણના નગર અને ૨૫૨નો સમાવેશ થાય છે. જેનો સરવાળો ૨૬૭ થાય છે. જેની ટકાવારી ૧.૪૪ ટકા જેટલી જ થાય છે. આ આંકડો દર્શાવે છે કે રાજ્યના કુલ જનગણના હેઠળના ગામો નગરોની સરખામણીએ ગાંધીનગરની ટકાવારી ૧.૪૪ ટકા જેટલી હોવા છતાં ગાંધીનગરને એક નમૂનારૂપ તરીકે ગુજરાતના અન્ય વિસ્તારો જુએ છે.

ગુજરાત અને ગાંધીનગરના કુલ મકાનોની સંખ્યા અનુક્રમે ૧,૭૫,૨૪૦૩૦ અને ૪,૩૩,૨૫૮ છે એમાંથી ખાલી મકાનો કે બંધ મકાનોની વિગત જોઈએ તો ગુજરાતમાં કુલ ૨૪ લાખ મકાનો ખાલી છે જ્યારે 'ગાંધીનગર'ના ૮૨,૫૬૭ મકાનો બંધ બાલતમાં છે, કોઈ પરિવારો ત્યાં રહેતા નથી. ગ્રામીણ ગુજરાતની સરખામણીએ 'ગાંધીનગર'ના ગામડાઓમાં ખાલી મકાનની ટકાવારી ૯ ટકા જેટલી વધારે છે, અને ગુજરાતની સરખામણીએ 'ગાંધીનગર'ના શહેરી વિસ્તારોની બંધ મકાનોની સંખ્યા ૯ ટકા જેટલી ઓછી છે. ખાલી/બંધ મકાનોની ટકાવારી ગ્રામીણ ગાંધીનગરમાં ૫૮ ટકા અને નગરીય ગાંધીનગરમાં ૪૨ ટકા છે.

અહીં રસપ્રદ બાબત એવી જોવા મળે છે કે ગુજરાતના શહેરી-ગ્રામીણ વિસ્તારોની ટકાવારીમાં ગાંધીનગરની વધઘટ ૯ ટકા છે. શહેરમાં ખાલી મકાનો ૪૨ ટકા છે. ગામડામાં તેની ટકાવારી ૫૮ ટકા છે. એક રીતે એ સરભર થાય એમ કહી શકાય. પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણે આખી બાબતને જોઈએ તો ચિત્ર જરા જુદુ છે. ગ્રામીણ વિસ્તારમાં ભૂતિયા મકાનોની સંખ્યા વધુ છે એ દર્શાવે છે કે આ મકાનોમાં રહેતા પરિવારોએ ચોક્કસ ક્યાંક કોઈ સ્થળે સ્થળાંતર કર્યુ હશે. એ સ્થળાંતર ધંધા, રોજગાર, બાળકોના શિક્ષણ, પરદેશગમન વગેરે જેવા 'પુલ ફેક્ટર'ના રૂપે પણ હોઈ શકે છે. સમાજશાસ્ત્રીય પરિભાષામાં 'પુલ ફેક્ટર' સ્થળાંતર એને કહેવામાં આવે છે કે જેમાં વ્યક્તિ કે પરિવાર આકર્ષણના કારણે સ્થળાંતર કરે. ગાંધીનગરની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિને ચકાસતા એટલુ સ્પષ્ટ થાય છે કે 'ગ્રામીણ ગાંધીનગર'માં વ્યવસાય, ધંધા રોજગાર શિક્ષણ અને વિદેશમાં સારી કમાણીની તકના કારણે આકર્ષણ પરિબળ તેમને સ્થળાંતર માટે પ્રોત્સાહિત કરે છે. આથી ગાંધીનગર શહેરની સરખામણીએ ગાંધીનગરના ગામડાઓમાં ખાલી મકાનો સેન્સસમાં વધુ નોંધાયા છે, આ બંધ મકાનોમાં કોઈ માનવ કે પરિવાર વસતા નથી.

ગ્રામીણ ગાંધીનગર કરતા શહેરી ગાંધીનગરના ખાલી મકાનો વચ્ચેનો તફાવત પણ ૧૬ ટકા જેટલો ઉંચો છે. આપણે જાણીએ છીએ કે ગાંધીનગર વસાવાયેલુ શહેર છે. સાબરમતી નદીના કિનારે આવેલું ગાંધીનગર એક વખતે 'આંધીનગર' જ હતુ. એમાંય અત્યારના વૈશાખ મહિનામાં તો ખાસ. ગાંધીનગર વહિવટી શહેર, પાટનગર બન્યુ ત્યારે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી ઘણા વ્યક્તિઓ સચિવાલયમાં કર્મચારી-અધિકારી તરીકે કામ કરવા આવ્યા સાથો સાથ અનેક લોકો ધંધા-રોજગાર સાથે ગાંધીનગર સાથે જોડાયા. હવે જે નજીકના વિસ્તારના છે તેમને સંતાનોના શિક્ષણ અને રોજની ધંધા રોજગારની ફરજોના કારણે નિયમિત અપડાઉન અનુકુળ ના આવતા તેમણે ગાંધીનગરમાં વસવાટ તો કર્યો પરંતુ વતનના ગામ સાથેનો સંબંધ અકબંધ રાખ્યો. કદાચ ગાંધીનગરમાં તેઓ કામ કરતા હોય તો તેમણે રહેવા માટે સરકારી ક્વાર્ટર મેળવ્યું પણ ગામનું ઘર છે એ પણ ચાલુ રાખ્યુ. ગામના ઘરને પાકુ પણ બનાવ્યું. વ્યક્તિ કે પરિવારે ગામ સાથેની ઓળખ મકાન બનાવીને અને વારે તહેવારે ગામમાં જ પ્રસંગોની ઉજવણી સાથે ગામ સાથેનું સંધાન જોડી રાખ્યું છે. એટલે એમ પણ કહી શકાય કે ગામડાના મકાનો ભલે ખાલી રહ્યા પણ ગામ સાથેનો સંબંધ મકાનો રૂપે તેમણે ખુલ્લો રાખ્યો છે. ખાલી મકાનોનો તાળો સામાજિક દૃષ્ટિએ આવી રીતે મળે છે.

ગાંધીનગર નગરીય વિસ્તારમાં ખાલી મકાનો પાછળ પરદેશ કે દેશમાં સ્થાયી થયેલા પરિવારો છે આ ઉપરાંત છેલ્લા થોડા વર્ષોમાં 'ગુડા' અને પાટનગરમાં મકાનના આકર્ષણના કારણે અનેક 'ઈન્વેસ્ટર્સ' મકાન રાખે છે તેઓ ભાડે આપતા નથી. આ ઉપરાંત ગાંધીનગરની પહેલી પેઢીના સંતાનો અને તેમના સંતાનો હવે પગભર થઈને 'ઈન્વેસ્ટમેન્ટ' રૂપે ફ્લેટ-એપાર્ટમેન્ટ ખરીદતા થયા છે. ગાંધીનગરના વસ્તીગણતરી હેઠળના કુલ ૧૫ વૈદ્યાનિક અને સેન્સસ નગરોમાં સરેરાશ ૩૮૨૮ ખાલી મકાનો અને ૨૫૨ ગામડાઓમાં દરેક ગામમાં સરેરાશ ૧૯૦ બંધ કે ખાલી મકાનો પાછળના તારણ અને તર્કનો તાળો સામાજિક પૃથ્થકરણમાં ઉપર મુજબ મેળવી શકાય.

## રજિસ્ટ્રેશન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેમાંના ૭૦ હજાર વિદ્યાર્થીઓ રેસમાંથી બહાર થયા છે. ગુજરાત બોર્ડ અને ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ તેમાં સામેલ છે. ખાસ કરીને ગુજરાત બોર્ડના અનેક વિદ્યાર્થી લેંગ્વેજ પ્રોબ્લેમ, રિઝલ્ટ ક્રાઈટેરિયા જેવાં પરિબળોના કારણે હિંમત હારી ગયા હોવાનું જાણવા મળે છે. આ સિવાય ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓના ઓછો સ્કોર અને ક્રીમ બ્રાન્ચમાં પ્રવેશ ન મળવાની આશાએ પણ વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થયા છે. કમ્પ્યૂટર બ્રાન્ચ માટે ૩ હજારમાં રેન્ક જોઈએ. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને બોર્ડમાં ૭૫ ટકા કે ટોપ ૨૦ પર્સન્ટાઈલ રેન્ક ન આવતાં એડ્વાન્સ માટે રજિસ્ટ્રેશન ટાળ્યું છે. દેશની ૨૪ આઈઆઈટીની અનેક બ્રાન્ચ માટે ૧૧ હજાર સીટ પર એડમીશન માટે અમદાવાદ સહિત રાજ્યનાં ૭ શહેરમાં તા.૨૦મીએ સવારના ૯ થી ૧૨ અને બપોરના ૨થી ૫ દરમ્યાન જેઈઈ એડ્વાન્સની એક્ઝામ લેવાશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫માં ૧.૫૦ લાખ વિદ્યાર્થી ક્વોલિફાય થયા હતા, તેમાં ૧.૧૭ લાખ વિદ્યાર્થી રજિસ્ટર્ડ થયા હતા. વર્ષ ૨૦૧૬માં ૨ લાખમાંથી ૧.૫૬ લાખ અને વર્ષ ૨૦૧૭માં ૨.૨૦ લાખમાંથી ૧.૫૭ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, પરંતુ આ વર્ષે ૨.૩૧ લાખમાંથી ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓએ જ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.આ પરીક્ષા અંગ્રેજી અને હિન્દી એમ બે ભાષામાં લેવાય છે. બોર્ડમાં ટોપ ૨૦ પર્સેન્ટાઈલ અથવા ૭૫ ટકા એ બે ક્રાઈટેરિયાના આધારે પ્રવેશ અપાય છે. ગુજરાતમાંથી ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગત વર્ષ ક્વોલિઈફાય થયા હતા. જો કે, છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી મોટા ડ્રોપ આઉટને લઈ ખુદ શિક્ષણ સત્તાવાળાઓ પણ ચિંતિત બન્યા છે.

# એમ. જી. શાહ એટલે સાલસતા, સહૃદયી પ્રમાણિક અધિકારી

## નર્મદા યોજનાના મુદ્દે ઈન્દિરા ગાંધીને પણ રજુઆત દરમ્યાન પ્રભાવિત કર્યા હતા : કર્મ અને સંવેદનશીલતાનો અનોખુ મિલન એટલે મથુરાદાસ શાહ : મુખ્ય સચિવ પદની ઓફર નમ્રતાપૂર્વક અસ્વીકાર કરી દિવ્યાંગ દિકરા માટે નિવૃત્તિનું શેષ જીવન વિતાવ્યુ

ગાંધીનગર, તા. ૧૪ ગુજરાતના સનદી અધિકારીઓ અધિકારી તરીકે જ નહિ પણ અધિકારી શબ્દ લગાવ્યા સિવાયની નોખી ઓળખ ધરાવતા હોય છે. નોખી માટીના નોખા માનવી એટલે એમ.જી. શાહનું નામ યાદ આવે.


સૌરાષ્ટ્રના દરિયાકિનારે પોરબંદરના ઘેડ પંથક તરીકે જાણીતા વિસ્તારના માધવપુર ગામમાં તેમનો જન્મ ૨૬-૧૨-૧૯૨૮ના રોજ થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાં જ પૂર્ણ કર્યુ. એસ.એસ.સી.ની પરીક્ષામાં પોરબંદર સ્ટેટમાં પ્રથમ સ્થાન મેળવી ગામનું ગૌરવ વધાર્યુ.

આ પછી ઉચ્ચ શિક્ષણ માટે મુંબઈ ગયા અને ત્યાં પણ તેમની તેજસ્વીતા છવાઈ ગઈ. ચારેય વર્ષ દરમ્યાન મેરીટ સ્કોલરશીપ મેળવી સુવર્ણચંદ્રક સાથે ઉચ્ચ ડિગ્રી હાંસલ કરી.

અભ્યાસમાં સ્નાતક થયા પછી તુરત જ બ્રિટીશ-ઈન્ડિયા જનરલ ઈન્સ્યોરન્સ કંપનીમાં આસિ. મેનેજર તરીકે નોકરી સ્વીકારી પરંતુ પોતીકા વતન અને રાજ્ય માટે કંઈક કરી છુટવાની ભાવનાએ તેમને સતત પાછા આવવા જાણે કહ્યુ ના હોય... ૧૯૫૦ના અરસામાં સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી ઢેબરભાઈની નજર આ યુવાન પર પડી અને સીધી ડે. કલેક્ટર તરીકે નિમણુંક આપી.

તેજસ્વીતાથી ભરપુર અને સાદગી પ્રમાણિકતા એ આ યુવકની ઓળખ બની ચુકી હતી. ત્યાં ૧૯૫૨માં તેઓ સનદી અધિકારીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને પછી તો કલેક્ટરથી લઈ નાણાં વિભાગ સહિતની તમામ જવાબદારીઓ સ્વીકારી અને સફળતાપૂર્વક નિભાવી પણ જાણી.

સચિવાલયમાં કોર્ડીનેટર સેક્રેટરી તરીકેની કામગીરી આજે પણ નોંધનીય ગણાય છે. તેમણે નાગરિક પુરવઠા, કૃષિ, ગ્રામ વિકાસ, સિંચાઈ સહિતના વિભાગોમાં સેવાઓ આપી હતી. ૧૯૮૬માં સ્વૈચ્છીક નિવૃત્તિ સ્વીકારી વહીવટીય સેવાઓ છોડી હતી.



પુત્ર સંજયની કુદરતી દિવ્યાંગતાનો પણ તેમણે પડકાર ઉપાડી મુખ્ય સચિવ તરીકેની જવાબદારી સ્વીકારવાનો નમ્રતાપૂર્વક ઈન્કાર કર્યો અને તેઓ વિજ્ઞાનજગતના પાટનગર ગણાતા અમેરીકામાં નવા સંશોધનોના વિકલ્પ સાથે રાજ્યની સુશ્રુષા માટે ત્યાં ગયા. ત્યાં પણ સદાકાળ ગુજરાત માટે ચિંતિત રહ્યા પણ સાથે સાથે પિતૃકર્મ પણ એટલો જ ન્યાય આપ્યો. પુત્ર સંજયને ઈજનેર તરીકે જોવાની તેમની લાગણીને સંજયે કુદરતી દિવ્યાંગતાના પડકાર સાથે યથાર્થ કરી અને તાતા ટેલીકોમ તેમજ મોટારોલા જેવી કોમ્યુનિકેશનની જિગ્ગજ કંપનીઓમાં સોફ્ટવેર ઈજનેર તરીકેની સેવાઓનું પ્રદાન કરતા સ્વઃ શાહ સાહેબ હંમેશા પ્રભુને મીઠી ફરીયાદ કરીને કહેતા કે પ્રભુ તારી કસોટીની પ્રથા સારી નથી હોતી અને પ્રથા સારી હોય તો તેની દશા સારી નથી હોતી. તુજ કૃપાળુ અને તુજ ભાગ્યવિધાતા. કર્મનું સંવેદનશીલતા સાથે તુજ મિલન કરાવી શકે.

ગુજરાત સરકાર તરફથી વર્ષ ૧૯૭૦માં બિન ભારતીય નાગરિકોને ગુજરાત રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટેના મીશન સાથેનું સૌ પ્રથમ રાજ્યનું પ્રતિનિધી મંડળ શાહના નેતૃત્વ હેઠળ અમેરીકા અને ઈંગ્લેન્ડ ગયુ હતુ. જેમાં તેમની સાથે પૂર્વ સચિવ એસ.કે. શેલત, પૂર્વ મુખ્ય ઔદ્યોગિક સલાહકાર ડૉ. પી.વી. ક્રિષ્ણા પણ જોડાયા હતા.

વર્તમાન ગુજરાતના વિકાસની રૂપરેખાની અનુક્રમણિકાનો આરંભ કરાવવાનો યશ શાહ સાહેબને આપવો પડે. બિન ભારતીય નાગરિકો (એન.આર.આઈ.)ને રાજ્યમાં રોજબરોજ તેમજ સ્થાઈ થવામાં આવતી અડચણો દુર કરવા તેમણે વર્ષ ૧૯૭૯માં ઈન્ડેક્ષ-બીની સ્થાપના કરી જે થકી એન.આર.આઈ.ના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવી હલ કરી શકાય.

રાજ્યના અને કેન્દ્રના પૂર્વ સિંચાઈ સચિવ અને નર્મદા નિગમના પૂર્વ ચેરમેન સી.સી. પટેલે નોંધ્યું છે કે સિંચાઈ ખાતાના પ્રશ્નો તેઓએ ખૂબ સમજથી ઉકેલ્યા અને સિંચાઈ તથા પુરનિયંત્રણના વિકાસ માટે લાંબાગાળાની ક્ષિતિજમાં સઘળા પ્રયત્નો કર્યા. ગુજરાત મારૂ રાજ્ય છે અને તેના પ્રશ્નો એ મારા પ્રશ્નો છે એ ભાવનાથી તેઓએ કામ કર્યુ. અત્યારે તો આ ભાવના નહીવત છે. મોટી યોજનાઓ જેવી કે કડાણા, સાબરમતી, પાનમ, વાસણા બરાજને આગળ ધપાવી સમયસર પુરી કરી. નર્મદા યોજના માટે તો તેઓએ રાતદિવસ જહેમત ઉઠાવી અને સરદાર સરોવર ડેમની ઉંચાઈ ગુજરાતે ટ્રીબ્યુનલ સમક્ષ માગ્યા મુજબ મળે તે તેઓનું એક સ્વપ્ન હતુ. તેમની સાથે હાથોહાથ મેળવી કામ કરવાની તક મળી જાતે સરકાર સમક્ષ નીતિવિષયક પ્રશ્નોની રજૂઆત કરવામાં તેમનો પુરેપુરો સાથ મળ્યો. હકીકતમાં અમારી વચ્ચે કોઈ મતભેદ હતો જ નહીં. આથી સરકારને યોગ્ય સમયે ઘણી ઉપયોગી સલાહ સિંચાઈખાતા તરફથી આપી શકાય અને જે માન્ય રહી અને અમલીકરણ પણ તુરત થયું. જ્યારે નર્મદા જળ વિવાદ નર્મદા ટ્રીબ્યુનલ સમક્ષ હતો અને ટ્રીબ્યુનલને આગળ વધવામાં ઘણો વિલંબ થતો હતો ત્યારે ભારતનાં વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધી સમક્ષ નર્મદાના પ્રશ્નોનો કાયમી ઉકેલ લાવવા ચાર રાજ્યોએ વિનંતી કરી. ઈન્દીરાજીએ આ જવાબદારી સ્વીકારી. મથુરભાઈ અને હું દિલ્હીમાં રજૂઆત ઈન્દીરાજી સમક્ષ ગુજરાત તરફથી થઈ ત્યારે સાથે સરદાર સરોવર માનનીય મંત્રી બાબુભાઈ પણ હતા અને સાથે મળી બંધના પક્ષમાં દલીલો ઈન્દીરાજી સમક્ષ કરી. ગુજરાતની રજૂઆત સ્થળ ઉપરનાં તથ્યો બધાં રાજ્યોને સરખી તક મળે અને દેશના વિશાળ હિતમાં બંધની ઉંચાઈ તથા પાણીની ફાળવણી થાય આવાં સર્વમાન્ય સિદ્ધાંતો ઉપર અમે કરી હતી. જે પરોક્ષ યાતો અપરોક્ષ રીતે માન્ય રખાઈ હતી.

સ્વ. શાહ સાહેબ પોતાના ઉમદા સ્વભાવ કાર્યશૈલી, સાદગી, પ્રમાણિકતા અને સનદી અધિકારી તરીકે ગુજરાત માટે આપેલુ યોગદાન કાયમ માટે યાદ રાખશે. સંવેદનશિલતા સાથે કર્મનો સમન્વય એ તેમની આગવી ઓળખ હતી. તાજેતરમાં ૨ એપ્રિલના રોજ અમેરિકા ખાતે તેમણે પોતાનો નશ્વરદેહ છોડી અનંતની યાત્રાએ સીધાવ્યા છે. પરંતુ ગુજરાતની ઓળખને ઉજાગર કરીને ગયા છે.

# મેઘરજના પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક જ રાતમાં ત્રણ મકાનોના તાળા તુટ્યા

મેઘરજ, તા. ૧૪ અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરના પોલીસ સ્ટેશન વિસ્તારનામાં આવેલ સમદનગરના બે મકાનો અને ફૈઝાનપાર્ક સોસાયટીના એક મકાનમાં શુક્રવારના રોજ મધ્ય રાત્રીએ સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત લોખોની ચોરી થતા મેઘરજની પ્રજામાં ફફડાટ ફેલાયો છે.





ઉનાળાની અગનઝરતી ગરમીના કારણે ગરમીથી રાહત મેળવવા માટે લોકો સુવા માટે ધાબાનો અથવા અગાસીનો સહારો લેતા હોય છે ત્યારે આવા સમયે પરીવાર ઉપર નિદ્રાધીન હોય છે ત્યારે તસ્કરો ઘરમાં હાથ ફેરો કરી પલાયન થઈ જતા હોય છે ત્યારે આવો જ એક કિસ્સો મેઘરજ નગરના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનવા પામ્યો છે. જેમાં પોલીસ સ્ટેનને અડીને આવેલ સમદનગર અને ફૈજાનપાર્ક સોસાયટીમાં એક જ રાતમાં તસ્કરોએ ત્રણ મકાનોને નિશાન બનાવ્યા હતા. જેમાં બે પરીવારના સભ્યો ધાબા ઉપર સુઈ રહ્યા હતા જ્યારે અન્ય એક પરીવાર બહાર ગહો હોવાથી ચોરોને મોકળુ મેદાન મળી જતા અજાણ્યા ચોર ઈસમો ત્રણેય મકાનોમાંથી સોના, ચાંદીના દાગીના અને રોકડ રકમ સહીત લાખો રૂપિયાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરી અંગે ભોગ બનનાર બે મકાન માલીકોએ મેઘરજ પોલીસ મથકે જાણવાજોગ ફરીયાદ આપી છે જ્યારે અન્ય એક પરીવારના સભ્યો બહાર ગયા હોવાથી જાણવાજોગ ફરીયાદ આપી શક્યા નથી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ એક રાતમાં ત્રણ જગ્યાએ ચોરી થતા અન્ય સોસાયટીના લોકોમાં ફફડાટ ફેલાયો છે.

## મુંબઈમાં ચોમાસુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેટીઓરોલૉજીએ પણ હવામાનનો અંદાજો વ્યકત કર્યો છે. જેમાં મે મહિનાના અંતમાં વિષુવવૃત ઓળંગીને આવનારા નૈર્‌ઋત્ય મોસમી પવનોનો પ્રવાહ અરબી સમુદ્રમાં સક્રિય થઈ રહ્યાં હોવાનું દેખાઈ રહ્યું છે. આ અંદાજા મુજબ બંગાળના ઉપસાગરમાં ૨૪-૨૫ મે દરમિયાન ચોમાસાનો પ્રવાહ સક્રિય થવાની શકયતા હોઈ તે દરમિયાન આંદામાનમાં ચોમાસાનું આગમન થશે. ચોમાસાના કેરળમાં આગમન બાબતે ભારતીય હવામાન ખાતાના ક્લાયમેટ રિસર્ચ ઍન્ડ સર્વિસેસના પ્રમુખ ડૉ.એ.કે.સહાયના કહેવા મુજબ અરબી સમુદ્રમાં હાલ હવાના ભારે દબાણનો પટ્ટો (ઍન્ટી સાયક્લોન) સક્રિય હોઈ ૨૩-૨૪ની દરમિયાન તે વિસ્તારમાં તેનો પ્રભાવ ઓસરી જશે. તેના થોડા દિવસ બાદ નૈર્‌ઋત્યના મોસમી પવનોનો પ્રવાહ અરબી સમુદ્રમાં સક્રિય થઈને ચોમાસાનું કેરળમાં આગમન થશે. ભારતીય હવામાન ખાતા દ્વારા ચોમાસાના કેરળમાં આગમન બાબતની આગાહી ૧૫ મેના રોજ જાહેર કરવામાં આવશે.

## સુનંદા પુષ્કર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મૃતહાલતમાં સુનંદા મળી આવી હતી. આ મોતને પહેલા આત્મહત્યા તરીકે ગણાવવામાં આવી હતી પરંતુ એક વર્ષ બાદ વિસરા રિપોર્ટ આવ્યા બાદ પોલીસે વણ ઓળખાયેલા લોકોની સામે હત્યાની કલમ હેઠળ પણ કેસ દાખલ કર્યો હતો. મામલાની તપાસ માટે એસઆઈટી બનાવવામાં આવી હતી. જો કે, ચાર વર્ષનો ગાળો થઈ ગયો હોવા છતાં આ કેસનો ઉકેલ આવી શક્યો નથી. કોઈની ધરપકડ પણ થઈ શકી નથી. સુનંદા પુષ્કર મોતના મામલામાં રાજકીય રમત પણ ચાલી રહી હોવાના આક્ષેપ થતાં રહ્યા છે. સુત્રોએ કહ્યું છે કે, અંતિમ પોલીસ રિપોર્ટમાં થરુર ઉપર ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૦૬ અને ૪૯૮એ હેઠળ આરોપો મુકવામાં આવ્યા છે જે પત્નિ પ્રત્યે ક્રૂરતા અને આત્મહત્યા તરફ દોરી જવા સાથે સંબંધિત છે. પુષ્કર દક્ષિણ દિલ્હીમાં આવેલી જે ફાઈવ સ્ટાર હોટલમાં મૃત હાલતમાં મળી આવી હતી તે હોટલના સુઈટ નંબર ૩૪૫માં ગયા મહિનામાં જ ફરી ખોલી દેવામાં આવ્યા બાદ આની પણ ચર્ચા રહી હતી. પહેલી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ એક એફઆઈઆર દાખલ કરાઈ હતી.


**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**
બીજ ભવન, સેક્ટર નં. ૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર : ૨૩૨૫૬૭૧૬, ૨૩૨૫૬૭૯૨

**જાહેર નિવિદા**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ, ગાંધીનગરને નિગમના ડીલર સર્ટીફિકેટ ભરાવવા ૧૫૦૦ નંગ ફોટો ફ્રેમીંગ (નમૂના મુજબ) ખરીદવાની હોઈ રસ ધરાવતી પાર્ટીઓએ નમુના જોઈ તા. ૨૫/૫/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં ભાવ મોકલી આપવા જણાવવામાં આવે છે. સદર મળેલ ભાવ તા. ૨૮/૫/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાકે ખોલવામાં આવશે.

મેનેજીંગ ડીરેક્ટર


## મતગણતરી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીટોના આંકડાને પાર કરશે નહીં. ભાજપની તરફેણમાં જોરદાર મોજુ હોવાનો દાવો પણ યેદીયુરપ્પા કરી ચુક્યા છે. ૧૨મી મેના દિવસે કર્ણાટકમાં ૫૮૫૪૬ મતદાન મથકો પર મતદાન યોજાયું હતું. સવારે ૭થી લઈને સાંજે ૬ વાગ્યા સુધી મતદાન ચાલુ હતું. કર્ણાટકમાં ૨૦૧૩માં વિધાનસભાની ચૂંટણીમાં ૭૧.૪ ટકા મતદાન થયું હતું જ્યારે આ વખતે ૭૦ ટકા મતદાન થયું હતુ. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ૨૧૬ મહિલા ઉમેદવાર સહિત ૨૬૫૪ ઉમેદવારોના ભાવિ ૧૨મી મેના દિવસ બાદ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે આવતીકાલે આ તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે.બેલાગાવી જિલ્લામાં સૌથી વધુ સંખ્યામાં ૩૭૨૩૫૮૫ મતદારો નોંધાયા હતા. બે મતવિસ્તાર જયનગર અને રાજેશ્વરીનગરમાં મતદાન મોકૂફ કરવામાં આવ્યું હતું. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે મતદાન પૂર્ણ થતાંની સાથે જ રાજકીય પક્ષો પોતાના સમીકરણો બેસાડવામાં લાગી ગયા છે. પરિણામ આવવા આડે હજુ બે દિવસ બાકી છે ત્યારે એક્ઝિટ પોલમાં કિંગમેકર તરીકે દેખાઈ રહેલા જનતાદળ એસ દ્વારા ગઠબંધનના સંકેત આપી દીધા છે. જેડીએસના વડા એચડી દેવગૌડાએ કહ્યું છે કે, હાલમાં તેઓ કોઈપણ બાબતને સ્વીકારવા માટે અથવા તો ફગાવવા માટે તૈયાર નથી. ૧૫મી મેના દિવસે મતગણતરી થયા પછી જ કોઈ નિર્ણય લઈ શકાશે. દેવગૌડા તરફથી કરવામાં આવેલું આ નિવેદન સંકેત આપે છે કે, તેઓ ગઠબંધન સરકારનો હિસ્સો બની શકે છે.

## નિરવ સામે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી ચુક્યા છે. અગાઉ આજે ઘટનાક્રમમાં સીબીઆઈએ પીએનબી કૌભાંડના સંદર્ભમાં તપાસ ચાલ્યા બાદ ફરાર રહેલા આરોપી નિરવ મોદી અને અન્યો સામે કોર્ટમાં તેની પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી. આ ચાર્જશીટ મુંબઈમાં સ્પેશિયલ કોર્ટમાં દાખલ કરાઈ છે જેમાં ઉષા સહિત બેંકના અનેક ટોપના અધિકારીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચાર્જશીટમાં તપાસ સંસ્થાએ પીએનબીના કારોબારી ડિરેક્ટર કેવી બ્રહ્માજી રાવ, સંજીવ શરણ અને જનરલ મેનેજર (ઈન્ટરનેશનલ ઓપરેશન) નેહલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ચાર્જશીટમાં સીબીઆઈએ નિરવ મોદી, તેમના નિશાલ મોદી અને સુભાષ પરબની ભૂમિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જુદી જુદી તપાસ સંસ્થાઓ સીબીઆઈ, ઈડી, ઈન્કમટેક્સ દ્વારા નિરવ મોદી અને મેહુલ ચોકસી સામે તપાસ કરવામાં આવી રહી છે.

## સાઈન બોર્ડસ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી નવા બાર્ડસ મુકવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ સેકટરોના આંતરિક માર્ગો પર ચિપકાવાયેલા આ પ્રકારના બોર્ડસ નીચે પટકાયેલા જોવા મળી રહયા છે. તંત્ર દ્વારા પણ આ બોર્ડસની કોઈ દરકાર લેવાતી નથી. લાખોના ખર્ચે લગાવાયેલા આ બોર્ડસ આમ નાગરિકો તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓ માટે ઉપયોગી બની રહે છે. પરંતુ હાલ આ પ્રકારના સાઈન બોર્ડસ ફ્રેમમાંથી નીકળીને નીચે પડેલા જોવા મળી રહયા છે. સ્થાનિક સેકટરવાસીઓ પણ આ બોર્ડસને યોગ્ય કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠાવી રહયા છે.

## ધરપકડ માટે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

થતાં હવે સીઆઈડી ક્રાઈમ દ્વારા કાનૂની સહારો લેવામાં આવ્યો છે અને નલિન કોટડિયાની ધરપકડ માટે સ્પેશ્યલ એસીબી કોર્ટમાં સીઆરપીસીની કલમ-૭૦ હેઠળનું વોરંટ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. કોર્ટમાંથી કલમ-૭૦નું વોરંટ મેળવી તેની બજવણી મારફતે સીઆઈડી ક્રાઈમ ગમે ત્યાંથી નલિન કોટડિયાને ઉઠાવશે અને જેલના સળિયા પાછળ ધકેલશે. તપાસનીશ એજન્સી દ્વારા સંભવતઃ આવતીકાલે કોર્ટમાં કોટડિયાની ધરપકડ માટેનું કલમ-૭૦નું વોરંટ મેળવવાની અરજી દાખલ કરી દેવાય તેવી પણ સંભાવના પ્રવર્તી રહી છે.


**ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર**
Skill India
(An ISO 9001-2008 Certified Organisation)
Industrial Training Institute

**જાહેર નિવિદા નં. ૦૧/૨૦૧૮-૧૯**

અધિકૃત મેન્યુફેક્ટરર્સ / સપ્લાયર / વિતરકો પાસેથી અત્રેની સંસ્થા ખાતે કાચા માલ - સામાનની ખરીદી માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર અંગેની સઘળી માહિતી ટેન્ડર ડોક્યુમેન્ટમાં આપવામાં આવેલ છે. જેને http://nprocure.comની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે. પ્રિ-બીડ મીટીંગ તા. ૨૩/૫/૨૦૧૮ના ૧૧.૦૦ કલાકની, બીડ ડાઉનલોડ તા. ૧૬/૫/૨૦૧૮ના ૧૪.૦૦ કલાક સુધી, ઓફલાઈન ટેકનીકલ બીડ ઓપન તા. ૬/૬/૨૦૧૮ના ૧૬.૦૦ કલાકે તથા ટેન્ડર ઓપનીંગ તા. ૭/૬/૨૦૧૮ના ૧૫.૦૦ કલાકની છે. વધુ માહિતી સંસ્થાની વેબસાઈટ gandhinagariti.org.in પરથી અથવા ચાલુ કામકાજના દિવસે સંસ્થા ખાતેથી મળી શકશે. કોઈપણ જાતના કારણ દર્શાવ્યા વગર ટેન્ડર કે તેનો કોઈપણ ભાગ રદ કરવાનો હક્ક આચાર્યશ્રી, ઔ.તા. સંસ્થા, ગાંધીનગરનો અબાધિત રહેશે.

માહિતી/૩૯૮/૧૮-૧૯

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા
ગાંધીનગર